
એલન માટે એક પાળેલું પ્રાણી



એડવર્ડ રિક્કીયુટી


ચિત્ર : ટોમ ઈટન

એલન માટે એક પાળેલું પ્રાણી



એડવર્ડ રિક્કીયુટી

ચિત્ર : ટોમ ઈટન




"જુઓ! તૂટેલી પાંખવાળું પક્ષી,"

એલને એના પિતા ને કહ્યું.

પક્ષીએ મેદાન માં જોરથી અવાજ કર્યો.

એ ધ્યેયવિહીન હાલત માં ઊંચા ઘાસ માં
ઢસડાવા લાગ્યું.



"આપણે એ પક્ષી ને પકડીએ," એલને કહ્યું.

"આપણે એને ઘરે લઈ જઈ ને પાળીશું."

"હું શરત લગાવું છું કે તું એને

પકડી નહીં શકે," એલન ના પિતા એ કહ્યું.

એલન ઊંચા ઘાસ માં દોડી ગયો.

પક્ષી ફફડાટ કરીને એના થી દૂર જતું રહ્યું.

એ એક ઝરણાં ની બાજુ માં આવેલી ઝાડી માં ચાલ્યું ગયું.

એલન એની પાછળ-પાછળ દોડયો.



"એ મારી પાસે છે!" એલને બૂમ પાડી.
એ પક્ષી તરફ લપક્યો, પણ એ ઉડી ગયું.
"કિલ-ડી, કિલ-ડી," પક્ષી એ અવાજ કર્યો.
એલને પક્ષી ની બંને બદામી પાંખ પર
એક સફેદ પટ્ટી જોઈ.
"કિલ-ડી, કિલ-ડી," પક્ષી એ અવાજ કર્યો.
"એ પક્ષી બહુ જલ્દી સાજું થઈ ગયું,"
એલને કહ્યું.







"એ પક્ષી ખરેખર જખ્મી ન હતું,"

એના પિતા એ કહ્યું.

"એણે તને મૂરખ બનાવ્યો.

કદાચ ઘાસ માં એના બચ્ચા હશે.

એટલે એણે જખ્મી થવાનો ઢોંગ કર્યો

અને તને એના બચ્ચા થી દૂર લઈ ગયું.

આવી રીતે પક્ષી એના બચ્ચા ની રક્ષા

કરવાની કોશિશ કરે છે," એના પિતા એ કહ્યું.

"એ પક્ષી નું નામ કિલડિયર (ટિટોડી વર્ગ નું પક્ષી) છે.

એ ખેતર અને ચરાણ માં રહે છે."

"કિલ-ડી, કિલ-ડી!" એલને બૂમ પાડી.
એ એના હાથ ફડફડાવતો

આખા મેદાન માં દોડયો.

એલન અને એના પિતા

પગપાળા પર્યટન કરવા ગયા હતા.


એ ઝરણાં ની નજીક એક કુંડ પાસે આવ્યા.

એલને એની છડી પાણી માં ડુબાડી.

એક નાની ટ્રાઉટ માછલી તરીને

દૂર જતી રહી.





એલન અને એના પિતા એ પથ્થર
ની એક જૂની દીવાલ પાર કરી.
હવે એ જંગલ માં હતા.

એક ચિપમન્ક એના રસ્તા માં
આવ્યું અને ઝાડી માં ભાગી ગયું.
એલન એની પાછળ-પાછળ દોડયો.
એણે સાવધાની થી ઝાડી ને એક બાજુ ખેસવી.
એણે જે જોયું એના પર એને વિશ્વાસ ન થયો.





એક નાનું હરણ નું બચ્ચું જમીન પર પડયું હતું.

એ એટલું નજીક હતું કે એલન એને લગભગ

અડી શકતો હતો.

હરણ ના બચ્ચા ની મોટી-મોટી કાળી આંખો હતી.

એની ભૂરી ચામડી પર સફેદ રંગ ના ધબ્બા હતા.

એના ધબ્બા, પાંદડા પર સૂર્યપ્રકાશ જેવા લાગી રહ્યા હતા.

હરણ નું બચ્ચું સાવ સ્થિર હતું.

"એને અડતો નહીં," એલન ના પિતા એ ધીમે થી કહ્યું.

"એ હજી થોડા દિવસ પહેલા જ જન્મ્યું છે."

"આપણે એને ઘરે લઈ જઇયે," એલને કહ્યું.

"એ હરણ ના બચ્ચા માટે સારું

નહીં થાય," એના પિતા એ કહ્યું.

"એનું ઘર અહીં જંગલ માં છે."



એ ચુપચાપ ત્યાંથી જતા રહ્યા.

" મારી ઈચ્છા છે કે હરણ નું બચ્ચું આપણી સાથે રહી શકે," એલને કહ્યું.

"હરણ નું બચ્ચું એક જંગલી જાનવર છે," એના પિતા એ કહ્યું.

"મોટા ભાગ ના જંગલી જાનવર સારા પાલતુ જાનવર ન બની શકે."





"પણ એ હરણ નું બચ્ચું ખોવાઈ ગયું હતું," એલને કહ્યું.

"નહીં," એના પિતા એ કહ્યું.

"એ ત્યાં છુપાયેલું હતું. જયારે હરણ નું બચ્ચું બહુ નાનું હોય છે, તો એની માઁ જયારે ખાતી હોય છે ત્યારે એ છુપાઈ જાય છે.

હરણ નું બચ્ચું સુરક્ષિત છે કારણકે અન્ય જાનવર એને સૂંઘી નથી શકતા.



જયારે બચ્ચા ની માઁ પાછી આવશે,

ત્યારે એ દૂધ પીવડાવશે."

એલન ના પિતા એ સમજાવ્યું કે હરણ ના બચ્ચા ને એની માઁ નું દૂધ જરૂરી છે.

અન્ય જાનવરો નું દૂધ હરણ ના બચ્ચા

માટે યોગ્ય ન હોય.

એટલે હરણ ના બચ્ચા ને એની માઁ

સાથે જ રહેવું જોઈએ.

"ભૂખ લાગી છે?" એલન ના પિતા એ પૂછ્યું.

એલને જેલી સેન્ડવિચ અને બાફેલુ ઈંડુ ખાવા માટે આખી સવાર રાહ જોઈ હતી.

એ એક જૂના દેવદાર ના લાકડા ના ઢીમચાં પર બેઠા અને જમ્યા.

ભોજન પછી એલને ખાવાની વસ્તુઓ ને વીંટાળેલા કાગળ ઉપાડયા.

એને એની બેગ માં રાખી દીધા.



ચાલતા-ચાલતા એલને કિલડિયર

અને હરણ ના બચ્ચા વિષે વિચાર્યું.

એને એક પાળેલું જાનવર જોઈતું હતું.

થોડીવાર માં એ પાછા નાળા પાસે
હતા જ્યાં કિલડિયર રહેતા હતા.

ત્યાં એક કિલડિયર ત્યાંથી ઉડયું.

"કિલ-ડી, કિલ-ડી," એણે અવાજ કર્યો.

એ ઘાસ માં અહીં-તહીં ફૂદયું.

એણે એની પાંખો ફફડાવી.

પણ આ વખતે કિલડિયરે

એલન ને બેવકૂફ ન બનાવ્યો.


એણે બીજું એક કિલડિયર જોયું.

એણે એનું માથું નીચે રાખ્યું

અને ઘાસ માં ભાગી ગયું.

એની સાથે બે નાના-નાના

રુંવાટીવાળા બચ્ચા પણ હતા.





એને બે નાના કિલડિયર મળ્યા.
નાના કિલડિયર સૂકા પાંદડાઓ
ની વચ્ચે ચપટા થઈ ને સૂઈ ગયા.
એ બહુ સ્થિર રહ્યા, જેમ હરણ ના
બચ્ચા એ કર્યું હતું.
"તમે એની પાસે થી પસાર થઈ શકો છો
અને તો પણ એ તમને નહીં દેખાય,"
એલને કહ્યું.

એ યુવાન કિલડિયર હતા.
યુવાન કિલડિયર ઘાસ માં છુપાઈ ગયા.
બંને મોટા પક્ષીઓ એ એલન અને એના
પિતા ને મૂર્ખ બનાવવાની કોશિશ કરી.
પણ એમણે ઘાસ અને સૂકા પાંદડા માં
જોવાનું ચાલુ રાખ્યું.



બે મોટા પક્ષી ઘાસ માં ઉડી ને આવ્યા.
"નાના પક્ષી ગરમાવા માટે મોટા પક્ષી નીચે છુપાઈ જાય છે," એના પિતા એ કહ્યું.





ઘરે જતા એલને એના
પિતાને એક વાંદરા વિષે જણાવ્યું.
એણે એને એક પાળેલા જાનવર ની
દુકાન માં જોયો હતો.
"હું પાળેલું કિલડિયર નથી રાખી શકતો.
હું પાળેલા હરણ ના બચ્ચા ને પણ નથી રાખી શકતો.
પણ શું હું એક પાળેલો વાંદરો રાખી શકું છું?"
એલને પૂછ્યું.

"વાંદરા સારા પાલતુ જાનવર ન થઈ શકે," એના પિતા એ કહ્યું.

"એમ કેમ?" એલને પૂછ્યું.

"તારા પ્રશ્ન નો જવાબ આપવો મુશ્કેલ છે,"

એના પિતા એ કહ્યું.

"પણ જયારે તું એક સાથે રહેતા વાંદરા

ના ઝુંડ ને જોઇશ, તો તું પોતે સમજી જઈશ."

"હું વાંદરા ના ઝુંડ ક્યાં જોઈ શકું છું?"

એલને પૂછ્યું.

"પ્રાણી સંગ્રહાલય માં," એના પિતા એ કહ્યું.


"હું એક માણસ ને જાણું છું જે


પ્રાણી સંગ્રહાલય માં કામ કરે છે.

એનું નામ મિસ્ટર ફિશર છે.

હું કાલે તને એને મળવા માટે લઈ જઈશ."

બીજે દિવસે એ પ્રાણી સંગ્રહાલય ગયા.





સૌથી પહેલા મિસ્ટર ફિશર, એલન
ને નાના વાંદરા થી ભરેલા એક
પાંજરા માં લઈ ગયા.

એ એટલી તેજી થી અહીં-તહીં કૂદી
રહ્યા હતા કે એલન એની ગણતરી
પણ કરી શકતો ન હતો.

મોટા ગુલાબી કાનોવાળો એક
વાંદરો એક ડાળી પર બેઠો હતો.

એણે બંને હાથો થી એક સંતરું
એના મોઢા માં ભરી લીધું.




પછી એણે સંતરા ની છાલ

જમીન પર ફેંકી દીધી.

એલને બધે જમીન પર સંતરા

ની છાલ પડેલી જોઈ.



એક વાંદરા નું બચ્ચું એની માઁ પાસે
એક ડાળી પર બેઠું હતું.
બચ્ચું એની માઁ નું દૂધ પી રહ્યું હતું.
વાંદરા ની માઁ એ એલન તરફ જોયું
અને એના હાથ બચ્ચા ની ચારે બાજુ લપેટી લીધા.





બીજા પાંજરા ના વાંદરા એનાથી પણ
નાના હતા.

પિતા, માતા અને એના બે નાના બચ્ચા
ના મોઢા બરફ જેવા સફેદ હતા.

એના ચહેરા ની ચારે બાજુ લાંબા કાળા
વાળ ઉગેલા હતા.

એની પૂંછડી લાંબી અને ગુચ્છાદાર હતી.

નાના વાંદરા એક સાથે ઝુંડ માં હતા.

એલન જયારે પણ હલતો, ત્યારે

વાંદરા એને ઘૂરતા હતા.

"મોટા ભાગ ના વાંદરા પરિવાર માં રહે છે,“ મિસ્ટર ફિશરે કહ્યું.

"એની માઁ નાના વાંદરા ની દેખભાળ કરે છે. પણ આ પ્રજાતિ ના વાંદરા પરિવાર માં, પિતા પણ મદદ કરે છે."





એક વાંદરા નું બચ્ચું એના પિતા

ની પીઠ પર ચઢી ગયું.

પિતા ની લાંબી રુવાંટી માં છુપાઈ ગયું.

એની લાંબી પૂંછડી હવા માં વાંકી વળેલી હતી.

એને જોઈને એલન હસ્યો.

"હવે એવું લાગે છે કે પિતા વાંદરા

ની બે પૂંછડી છે," એણે કહ્યું.





એલને થોડીવાર નાના વાંદરા જોયા.

"શું આ નાના વાંદરા માં થી કોઈ એક પાળેલું પ્રાણી બની શકે?" એણે મિસ્ટર ફિશર ને પૂછ્યું.

"એ કામ તારે માટે અને વાંદરા માટે બહુ મુશ્કેલ થશે," મિસ્ટર ફિશરે કહ્યું.

"વાંદરાઓ ને એક-બીજા ની એટલી જ જરૂર હોય છે જેટલી લોકો ને એક-બીજા ની જરૂર હોય.

એક વાંદરા માટે બીજા વાંદરા વગર રહેવાનું બહુ વિકટ હોય છે.

અને શું તે અહીંયા ની ગંધ સૂંધી?"

એલને એનું નાક મચકોડયું.

"હા," એણે કહ્યું, "મેં ગંધ સૂંધી."

"જો," મિસ્ટર ફિશરે કહ્યું,

"તારા ઘરમાં પણ આવી જ ગંધ આવશે.

હા, આ નાના વાંદરા ને ગરમ રહેવા માટે

ઘર ની અંદર જ રહેવું પડશે."

એલને સંતરા ની છાલ ના ઢગલા અને
દુર્ગંધ વિષે વિચાર્યું.
"મને નથી લાગતું કે મારી માઁ ને
ઘર ની અંદર વાંદરો ગમશે," એણે કહ્યું.





"શું કોઈ એવો વાંદરો છે જેને
અમે ઘર ની બહાર રાખી શકીયે?"
"હા, ચાલો પ્રાણી સંગ્રહાલય ના મંકી આઇલેન્ડ
ને જોઈએ," મિસ્ટર ફિશરે કહ્યું.
"એ ટાપુ ને મોટા વાંદરા માટે જ બનાવવામાં
આવ્યો છે જેથી એ બહાર રહી શકે."



ટાપુ વાંદરાઓ થી ભરેલો હતો.

વાંદરા ચટ્ટાનો પર બેઠા હતા.

એ ઉપર નીચે ભાગં-ભાગ કરી રહ્યા હતા.

એ ચટ્ટાનો ના કાણાં માં થી બહાર નીકળી રહ્યા હતા.

એલને જોયું કે એક યુવાન વાંદરા

એ પાણી માં થી ભાજી નું એક પાંદડું ઉઠાવ્યું.



એક મોટો બુઢ્ઢો વાંદરો એની પાસેથી નીકળ્યો.

યુવાન વાંદરા એ બુઢ્ઢા વાંદરા સામે ચિચિયારી કરી.

બુઢ્ઢો વાંદરો એના પર કૂદી પડયો,

અને યુવાન વાંદરો પાણી માં પડી ગયો.





બે યુવાન વાંદરાઓએ એક-બીજા નો પીછો કર્યો અને પછી એક ઝાડ પર ચઢી ગયા.

ત્યાં એ કુસ્તી કરવા લાગ્યા.

એક મોટો વાંદરો સફરજન લેવા આવ્યો.

બાકી ના વાંદરા ત્યાંથી ચાલ્યા ગયા.

"એ વાંદરો બાકી બધા વાંદરાઓ નો
સરદાર છે," મિસ્ટર ફિશરે કહ્યું.
"એના દાંત કેટલા મોટા છે," એલને કહ્યું.
"એ બટકા પણ ભરે છે," મિસ્ટર ફિશરે કહ્યું.
વાંદરા એ એનું મોઢું મોટું ખોલ્યું.
"એ વાંદરો ક્યારેય સારું પાલતુ પ્રાણી
બની નહીં શકે," એલને કહ્યું.





મિસ્ટર ફિશર એલન ને પ્રાણી સંગ્રહાલય
ની નર્સ ને મળવા લઈ ગયા.
એના ખભા પર એક યુવાન રફૂન બેઠું
હતું.
"શું એ તમારું પાળેલું છે?" એલને પૂછ્યું.
"ના, હું તો બસ એની દેખભાળ કરી રહી
છું," નર્સે કહ્યું.
"કારણ કે એની માઁ બીમાર છે."

"તમારું કામ બહુ મનોરંજક લાગે છે,"
એલને કહ્યું.

"હા," નર્સે કહ્યું.

"પણ એ મુશ્કેલી પણ ઉભી કરે છે."





રફૂન નર્સ ની ભૂજા પર થી ઉતરી ને
નીચે ભાગ્યું.

"અરે!" એણે કહ્યું.

"જો, એણે મારુ સ્વેટર ફાડી નાખ્યું."

રકૂન દોડીને એલન પાસે ગયું
અને એના પગ પર ચઢી ગયું.
"અરે, એ મારુ ખમીસ ખાવાની કોશિશ
કરી રહ્યું છે!" એલને બૂમ પાડી.
ઝૂ ની નર્સે રકૂન ને પકડયું અને
એને જમીન પર સુવડાવી દીધું.





"હવે એની પાસે તમારી પેપર ક્લિપ્સ છે!"
એલને કહ્યું.


"તું સમજી શકે છે," પ્રાણી સંગ્રહાલય ની નર્સે કહ્યું, "મારે હર સમય એના પર નજર રાખવી પડે છે.

રાતે હું એને મારે ઘરે લઈ જાઉં છું,"
નર્સે એલન ને કહ્યું.
"જયારે હું સૂતી હોઉં છું તો એ મારા વાળ
ખેંચે છે અને મને જગાડે છે.





એને એકલા રહેવું જરાય ગમતું નથી."
"તો હું રફૂન ને એક પાળેલા પ્રાણી
તરીકે રાખી ન શકું," એલને કહ્યું.
"કારણકે હું આખો દિવસ સ્કૂલ માં હોઉં છું."



એ પછી મિસ્ટર ફિશરે એલન ને
હરણ નું ચરાણ બતાવ્યું.
એ એલન ના વાડા કરતા પણ મોટું હતું -
સ્કૂલ માં રમવાના મેદાન કરતા પણ મોટું.

એની ચારે બાજુ એક બહુ ઊંચી વાડ
હતી.

"હરણ મારા માથા પરથી પણ કૂદી શકે
છે," મિસ્ટર ફિશરે કહ્યું.

ટપકાંવાળા હરણ ના બચ્ચા ને જોઈ ને
એલન ને જંગલ માં જોયેલું હરણ નું
બચ્ચું યાદ આવ્યું.

એ પણ એની માઁ નું દૂધ પી રહ્યું હતું.

"બધા હરણ ને શિંગડા કેમ નથી હોતા?"

એલને પૂછ્યું.





"ફક્ત બક હરણ ને શિંગડા હોય છે,"

મિસ્ટર ફિશરે કહ્યું.

"બક હરણ શું હોય છે?" એલને પૂછ્યું.




"એ પુખ્ત નર હરણ હોય છે," મિસ્ટર ફિશરે કહ્યું.

"વરસ માં એક વાર એના શિંગડા ખરી જાય છે. હવે બક હરણ ને નવા શિંગડા ઉગી રહ્યા છે. એના શિંગડા બહુ અણિયાળા હોય છે," મિસ્ટર ફિશરે કહ્યું.

"ક્યારેક હરણ એના શિંગડા અને ખરી થી લડે છે. એના બચ્ચા ને પણ અણિયાળી ખરી હોય છે."

એલને હરણ તરફ જોયું.

"મને લાગે છે કે હરણ સારું પાલતુ પ્રાણી બની નહીં શકે," એણે કહ્યું.



"પ્રાણી સંગ્રહાલય ના જાનવરો વાસ્તવ
માં પાળેલા પ્રાણી નથી હોતા," મિસ્ટર
ફિશરે કહ્યું.

"પ્રાણી સંગ્રહાલય ના રખેવાળ એના
જંગલી જાનવરો ની દેખભાળ માટે બહુ
મહેનત કરે છે.

જાનવરો ને એવી જ જગ્યા માં રહેવું જોઈએ

જે એના જંગલી ઘરો જેવી જ હોય.

એને યોગ્ય ભોજન પણ જોઈએ."



"શું કોઈ જંગલી જાનવર સારું પાલતુ પ્રાણી બની શકે?" એલને પૂછ્યું.





"જરૂર," મિસ્ટર ફિશરે કહ્યું, "પણ તારી પાસે એની દેખભાળ કરવા માટે સમય હોવો જોઈએ. આ હેમ્સ્ટર વિષે તું શું વિચારે છે? શું તું જાણે છે કે જંગલી હેમ્સ્ટર પોતાને માટે ઊંડી સુરંગ ખોદે છે?



અને તું આ પ્રકાર ની સાલામેન્ડેર (એક પ્રકાર ની માછલી) પણ રાખી શકે છે.

એને એક માછલીઘર ની આવશ્યકતા પડશે,

જેમાં એક ખડક, એક છોડ અને થોડું પાણી હોય. અથવા તું એક દેડકો, એક સાપ, અથવા એક કંસારી પણ રાખી શકે છે."





"એક કંસારી?" એલને કહ્યું.

"હા," મિસ્ટર ફિશરે કહ્યું.

"જાપાન માં બાળકો એને પિંજરા માં રાખે છે."



પ્રાણી સંગ્રહાલય માં એમણે આખો દિવસ વિતાવ્યો હતો.

એલને મિસ્ટર ફિશર નો આભાર માન્યો અને

એના પિતા સાથે ઘરે જવા લાગ્યો.

"મને લાગે છે કે હવે તારે માટે એક પાળેલું

પ્રાણી રાખવાનો સમય આવી ગયો છે,“ એલન ના પિતા એ કહ્યું.

"અને હું એવા જાનવરો ને જાણું છું જે

પાળેલા પ્રાણી બની શકે છે.

એમાં કોઈ નાના હોય છે.

અને કોઈ મોટા હોય છે.

એ બધા રંગ અને આકાર ના હોય છે.

તું એને કલાબાજી પણ શીખવાડી શકે છે."

"તમારા વર્ણન થી મને એ જાનવર બહુ

સારા લાગે છે," એલને કહ્યું.

"એ ક્યા છે?"





એના પિતા હસ્યા.

"કૂતરા અને બિલાડી," એણે કહ્યું.



સમાપ્ત